ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



સંગીતાબેન શાહ
મો. ૯૯૭૯૫ ૪૬૮૦૧

**ડાયરેક્ટ ❤ સે**

મનથી જીત્યો
તે બધું જીત્યો
અને મનથી હાર્યો
તે બધું હાર્યો

## આદર્શ નિવાસી કન્યા શાળામાં રસોઈ શો યોજાયો

ગાંધીનગર, તા. ૬

અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલિત આદર્શ નિવાસી શાળા (અજા, કન્યા), સૅક્ટર-૮ ખાતે શ્રી જલિયાણ સેવા ગૃપ, વૈદિક પરિવાર ગાંધીનગર, શોધન ફાઉન્ડેશન, ગાંધીનગર અને રોટરી ક્લબ ઑફ કૅપિટલ, ગાંધીનગર દ્વારા રસોઈ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. અમીતાબેન અને તેમની ટીમે વિદ્યાર્થિનીઓને મંચુરીયન, કેક કેવી રીતે બનાવવી તે સરળ રીતે શીખવવામાં આવ્યું હતું.

આયોજક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થિનીઓને સ્કાર્ફનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય જે ઍલ રાવલ દ્વારા આયોજક સંસ્થાઓ અને રસોઈ ઍક્સપર્ટ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

### 'એક ભારત - શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરમાં

# ઈન્ટરસ્ટેટ યુથ ઍક્સચેન્જ પ્રોગ્રામનો આરંભ





ગાંધીનગર, તા. ૬

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અભિયાન હેઠળ યુથ હૉસ્ટેલ, ગાંધીનગર ખાતે ઈન્ટરસ્ટેટ યુથ ઍક્સચેજ પ્રોગ્રામનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમના ભાગરૂપે છત્તીસગઢથી ૪૫ જેટલા યુવા મિત્રો ગાંધીનગર ખાતે ૧૫ દિવસ માટે પધાર્યા છે. ઉપરાંત ગુજરાતના વિવિધ જિલ્લાઓના ૬૦ જેટલા યુવામિત્રો પણ આ કાર્યક્રમમાં સાજેદાર થયા છે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બંને રાજ્યોના યુવામિત્રો વચ્ચે કલા, સંસ્કૃતિ, ભાષા, ધર્મ, વિકાસ, સરકારની વિવિધ યોજનાઓ, ફલૅગશીપ યોજનાઓ, પર્યાવરણ, વિવિધતામાં એકતા દ્વારા યુવાઓમાં સમજ કેળવાય, રાષ્ટ્રીય એકતાની ભાવના પ્રબળ બને તે છે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૫૦ જેટલા ગુજરાતના યુવા મિત્રો છત્તીસગઢ જઈ આવ્યા છે.

આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, દિલ્હીના ઉપાધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશન ડૉ. રતનકુંવર ગઢવી, અધિક પોલીસ મહાનિર્દેશક અનિલ પ્રથમ, ઠાકોર કોળી વિકાસ નિગમના મૅનેજિંગ ડિરેક્ટર જશવંત ગાંધી, યુવા નેતા સંજીવ મહેતા, જયેશભાઈ ચૌધરી, ધવલભાઈ, યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, ડિરેક્ટર અનિલકુમાર કૌશિક ઉપસ્થિત રહ્યા હતા. સમારોહના અંત ભાગમાં આભારદર્શન એકાઉન્ટન્ટ ભાનુભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

બંને રાજ્યોના યુવાઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી અને યુવાઓ દ્વારા રાષ્ટ્રીય એકતા, એક ભારત શ્રેષ્ઠ ભારત માટે શપથ પણ લેવામાં આવ્યા હતા.

કશ્યપ નિમાવતના શિબિર સંચાલનમાં યુવાઓ માટે કાર્યક્રમ અંતર્ગત વિવિધ નિષ્ણાતો દ્વારા વિવિધ વિષયો અંગેનાં પ્રેરણાત્મક વક્તવ્યો પણ યોજવામાં આવી રહ્યાં છે. ઉપરાંત યુવાઓ ગાંધીનગર જિલ્લાનાં વિવિધ જોવાલાયક સ્થળો, શૈક્ષણિક-ધાર્મિક, સહકારી, સામાજિક સંસ્થાઓની મુલાકાત પણ લઈ રહ્યા છે.

સોમવારે આ યુવાઓ દ્વારા રાજ્યપાલ સાથે મુલાકાતનું તથા ડૉ. આંબેડકર હૉલમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# ફિનકેર બેન્ક દ્વારા બાળ શિક્ષણ જાગૃતિ અભિયાન






ગાંધીનગર, તા. ૬

ફિનકેર બેન્ક દ્વારા દહેગામના શક્તિપુરા ગામે સામાજિક જવાબદારીના ભાગરૂપે બાળ શિક્ષણ જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત લાલાજી સોલંકીના હસ્તે ૩૦થી વધુ જરૂરિયાતમંદ બાળકોને સ્કૂલ બૅગ, ચોપડા જેવી અભ્યાસ ઉપયોગી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાલાજીએ આ પ્રસંગે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે ફિનકેર બૅન્ક દ્વારા વર્ષ ૨૦૧૦માં પ્રાપ્ત લોનના માધ્યમથી આજે તેમની આર્થિક સ્થિતિ સુદ્રઢ બની છે અનો તેમની વાર્ષિક આવક રૂપિયા પાંચ લાખ સુધી પહોંચી છે.

આ પ્રસંગે સીઍસઆર મૅનેજર તેજસ જોશી, રિજનલ મૅનેજર રમેશભાઈ ચૌહાણ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# શ્રી જે ઍમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં અંગ્રેજીમાં વિવિધ કાર્યક્રમો રજૂ કરાયા





શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે નવા વર્ષની ઉજવણી નિમિત્તે પ્રસ્તુત કાર્યક્રમો અંગ્રેજીમાં રજૂ કરવામાં આવ્યા હતા. બેસ્ટ હેન્ડરાઈટીંગ સ્પર્ધા, વક્તૃત્ત્વ સ્પર્ધા, ગૃપ સોંગ સ્પર્ધાનું આયોજન આ ઉપક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું. શાળાનાં સીઆર પાત્વી અને પ્રિયાંશી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું આયોજન આશા મહેતા અને દિપમાલાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. સુપરવાઈઝર ઈજુબેને આજના જમાનામાં અંગ્રેજીના મહત્ત્વ વિશે વિગતે સમજ આપી હતી.

# 'ડ્રોઈંગ ઑફ દાંડી માર્ચ'નાં અસલ ચિત્રોનું પ્રદર્શન યોજાયું



મહાત્મા ગાંધીની સાર્ધ શતાબ્દિની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર, સંસ્કૃતિ મંત્રાલય અને નૅશનલ ગૅલેરી ઑફ આર્ટના સંયુક્ત ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા પ્રકાશિત અને ડૉ. રીઝવાન કાદરી દ્વારા પ્રકાશિત, સંશોધિત 'ડ્રોઈંગ ઑફ દાંડી માર્ચ'નાં અસલ ચિત્રોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભારત સરકાર દ્વારા ખાસ આમંત્રિત શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના મહંત સદ્ગુરુ ભગવતપ્રિયદાસજી સ્વામી, દિલ્હી મંદિરના મહંત ધર્મનંદનદાસજી સ્વામી, સંતવૃંદ, જાણીતા ગાંધીવાદી ડૉ. વી એ આનંદ તથા ભારત સરકારના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ શિબિરનો લાછડીમાં પ્રારંભ





કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટના શિબિરનો પ્રારંભ લાછડી ગામે કરવામાં આવ્યો છે.

શિબિરના ઉદ્ઘાટન સમારોહમાં અધ્યક્ષસ્થાને જાણીતા શિક્ષાવિદ ડૉ. પ્રૉ. મફતભાઈ પટેલ, ઉદ્ઘાટક તરીકે મહેસાણા જિલ્લા પંચાયતનાં પ્રમુખ શીલાબેન પટેલ, ગ્રામ પંચાયતના સરપંચ લાલાજી ઠાકોર, લાછડી પ્રાથમિક શાળાના આચાર્ય શંકરભાઈ ચૌધરી, દૂધ મંડળીના ચેરમેન પહેલાજી બેચરજી ઠાકોર, મંત્રી ચતુરજી જવારજી ઠાકોર, સેવા સહકારી મંડળીના ચેરમેન રણછોડજી પટેલ, મંત્રી કનુભાઈ મહતભાઈ પટેલ, આગેવાન મહેશભાઈ પટેલ, નારણભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ, રામભાઈ સિંધવ, સુધીરભાઈ જગમલભાઈ દેસાઈ, ગજુલાલ ઠાકોર, અંબાલાલ પટેલ, અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા, પ્રૉ. નયનાબેન રંગવાલા, પ્રૉ. સૃજલ પાઠક અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સ્વચ્છતા, પર્યાવરણ જાગૃતિ, આરોગ્ય જાળવણી, વ્યસન મુક્તિ, ડિજીટલ બેન્કિંગ જેવી થીમ સાથે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર સંચાલક તરીકે ડૉ. રણછોડ રથવી ભૂમિકા ભજવી રહ્યા છે. સમગ્ર ગામને શ્રેષ્ઠ ગામ બનાવવાના નિર્ધાર સાથે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ શિબિરમાં જોડાયા છે.

# મહાત્મા શાંતિનિકેતનમાં

**150 ગાંધીયાત્રા**

રાજકોટથી હું શાંતિનિકેતન ગયો. ત્યાં ત્યાંના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ મને પ્રેમથી નવરાવ્યો. સ્વાગતના વિધિમાં સાદાઈ, કળા અને પ્રેમનું સુંદર મિશ્રણ હતું. ત્યાં મને કાકાસાહેબ કાલેલકરની પહેલી મુલાકાત થઈ.

કાલેલકર 'કાકાસાહેબ' કેમ કહેવાતા હતા એ તો ત્યારે હું જાણતો જ નહોતો. પણ પાછળથી માલૂમ પડ્યું કે કેશવરાવ દેશપાંડે, જેઓ વિલાયતમાં મારા સમકાલીન હતા ને જેમની સાથે મારો વિલાયતમાં સરસ પરિચય થયો હતો, તે વડોદરા રાજ્યમાં 'ગંગનાથ વિદ્યાલય' ચલાવતા હતા. તેમની ઘણી ભાવનાઓમાં એક આ પણ હતી કે વિદ્યાલયમાં કૌટુંબિક ભાવના હોવી જોઈએ. તેથી બધા અધ્યાપકોને નામો આપ્યાં હતાં. તેમાં કાલેલકર 'કાકા' નામ પામ્યા. ફડકે 'મામા' થયા. હરિહર શર્મા 'અણ્ણા' થયા. અને બીજાઓને યોગ્ય નામો મળ્યાં. કાકાના સાથી તરીકે આનંદાનંદ (સ્વામી) અને મામાના મિત્ર તરીકે પટવર્ધન (આપ્પા) આગળ જતાં આ કુટુંબમાં જોડાયા. એ કુટુંબમાંના ઉપરના પાંચે એક પછી એક મારા સાથી થયા. દેશપાંડે 'સાહેબ'ને નામે ઓળખાયા. સાહેબનું વિદ્યાલય બંધ થયા પછી આ કુટુંબ વીખરાયું. પણ એ લોકોએ પોતાનો અધ્યાત્મિક સંબંધ ન છોડ્યો. કાકાસાહેબ જુદા જુદા અનુભવો લેવા લાગ્યા, અને તે અનુભવોને અંગે આ વખતે શાંતિનિકેતનમાં રહેતા હતા. તે જ મંડળના એક બીજા ચિંતામણ શાસ્ત્રી ત્યાં રહેતા હતા. આ બંને સંસ્કૃત શીખવવામાં ભાગ લેતા હતા.

શાંતિનિકેતનમાં મારા મંડળને નોખો ઉતારો આપવામાં આવ્યો હતો. અહીં મગનલાલ ગાંધી તે મંડળને સાચવી રહ્યા હતા, અને ફિનિક્સ આશ્રમના બધા નિયમોનું સૂક્ષ્મતાએ પાલન કરતા કરાવતા હતા. મેં જોયું કે તેમણે શાંતિનિકેતનમાં પોતાની સુવાસ પોતાનાં પ્રેમ, જ્ઞાન અને ઉદ્યોગને લીધે ફેલાવી હતી. અહીં ઍન્ડ્રૂઝ તો હતા જ. પિયર્સન હતા. જગદાનંદબાબુ, નેપાળબાબુ, સંતોષબાબુ, ખિતિમોહનબાબુ, નગીનબાબુ, શરદબાબુ અને કલિબાબુની સાથે ઠીક સંબંધમાં આવ્યા.

મારા સ્વભાવ પ્રમાણે હું વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સાથે ભળી ગયો, અને જાતમહેનતને વિષે ચર્ચા કરવા લાગ્યો. પગારદાર રસોઈયાને બદલે જો શિક્ષકો અને વિદ્યાર્થીઓ પોતાની રસોઈ કરી લે તો સારું થાય. રસોડાની ઉપર આરોગ્ય અને નીતિની દૃષ્ટિએ શિક્ષક વર્ગ કાબૂ મેળવે, અને વિદ્યાર્થીઓ સ્વાશ્રય અને સ્વયંપાકનો પદાર્થપાઠ લે. આ વાત મેં ત્યાંના શિક્ષકો આગળ મૂકી. એક બે શિક્ષકે માથું ધુણાવ્યું. કેટલાકને આ પ્રયોગ બહુ ગમ્યો. બાળકોને તો, નવી ચીજ ગમે તે હોય તો ગમે જ તે ન્યાયે, આ પણ ગમી. અને અખતરો શરૂ થયો. આ વાત કવિશ્રી આગળ મૂકતાં, શિક્ષકો અનુકૂળ થાય તો આ અખતરો પોતાને તો જરૂર ગમે એવો અભિપ્રાય તેમણે આપ્યો. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું, 'આમાં સ્વરાજની ચાવી રહેલી છે.'

પિયર્સને અખતરો સફળ કરવામાં પોતાની કાયા નિચોવી. તેમને તે બહુ ગમ્યું. એક શાક મોળવાની મંડળી જામી, અને બીજી અનાજ સાફ કરવાની. રસોડાની આસપાસ શાસ્ત્રીય શુદ્ધિ કરવામાં નગીનબાબુ વગેરે રોકાયા. તેમને કોદાળી લઈ કામ કરતા જોઈ મારું હૈયું હરખાયું.

પણ આ મહેનતનું કામ સવાસો છોકરા અને શિક્ષકો પણ એકદમ ઝીલી શકે એમ નહોતું. તેથી રોજ ચર્ચા થતી. કેટલાક થાકતા. પિયર્સનને થાક લાગે જ શાનો? એ તો હસતે ચહેરે કંઈક ને કંઈક રસોડાના કામમાં લાગ્યા જ રહે. મોટાં મોટાં વાસણો માંજવાં એ તો એમનું જ કામ. વાસણ માંજનાર ટુકડીનો થાક ઉતારવા કેટલાક વિદ્યાર્થીઓ ત્યાં સતાર વગાડતા. દરેક કામ વિદ્યાર્થીઓએ પૂરતા ઉત્સાહથી ઝીલી લીધું, અને આખું શાંતિનિકેતન મધપૂડાની પેઠે ગણગણવા લાગ્યું.

આવી જાતના ફેરફારોનો એક વાર આરંભ થયા પછી તે થોભી નથી જતા. ફિનિક્સ રસોડું સ્વાશ્રયી હતું, એટલું જ નહીં પણ તેમાં રસોઈ બહુ સાદી હતી. મસાલાનો ત્યાગ હતો. તેથી વરાળ મારફતે ભાત, દાળ, શાક અને ઘઉંના પદાર્થો પણ પકાવી લેવામાં આવતા હતા. બંગાળી ખોરાકમાં સુધારા કરવાના ઈરાદાથી એ જાતનું એક રસોડું કાઢ્યું હતું. એમાં એક બે અધ્યાપકો અને કેટલાક વિદ્યાર્થીઓ ભળ્યા હતા. આવા પ્રયોગોમાંથી સર્વસામાન્ય રસોડું સ્વાશ્રયી બનાવવાનો અખતરો શરૂ થઈ શક્યો હતો.

પણ છેવટે કેટલાંક કારણોને લઈને આ પ્રયોગ બંધ રહ્યો. મારી માન્યતા છે કે આ જગવિખ્યાત સંસ્થાએ આ પ્રયોગ ટૂંકી મુદતને સારુ ચલાવીને કંઈ ગુમાવ્યું નથી. અને તેમાંથી મળેલા કેટલાક અનુભવો તેને સારુ ઉપયોગી થયા હતા.

મારો ઈરાદો શાંતિનિકેતનમાં કંઈક મુદતને સારુ રહેવાનો હતો. પણ મને વિધાતા બળાત્કારે ઘસડી ગયો. હું ભાગ્યે એક અઠવાડિયું રહ્યો હોઈશ ત્યાં પૂનાથી ગોખલેના અવસાનનો તાર મળ્યો. શાંતિનિકેતન શોકમાં ડૂબી ગયું. મારી પાસે સૌ ખરખરો કરવા આવ્યા. મંદિરમાં ખાસ સભા ભરી. આ ગંભીર દેખાવ અપૂર્વ હતો. હું તે જ દિવસે પૂને જવા નીકળ્યો. સાથે પત્ની અને મગનલાલને લીધાં. બાકીનાં બધાં શાંતિનિકેતનમાં રહ્યાં.

એન્ડ્રુઝ બર્દવાન સુધી મારી સાથે આવ્યા હતા. તેમણે મને પૂછ્યું, 'તમારે હિંદુસ્તાનમાં સત્યાગ્રહ કરવાનો અવસર આવે એમ લાગે છે ખરું? ને લાગતું હોય તો ક્યારે એની કાંઈ કલ્પના આવે છે?'

મેં જવાબ આપ્યો, 'આનો જવાબ આપવો મુશ્કેલ છે. મારે એક વર્ષ તો કંઈ કરવાપણું છે જ નહીં. ગોખલેએ મારી પાસેથી વચન લીધું છે કે, એક વર્ષ લગી મારે ભ્રમણ કરવું, કોઈ જાહેર પ્રશ્ન પર વિચાર ન બાંધવો, ન બતાવઓ. આ વચન હું અક્ષરશઃ પાળવાનો છું. પછી પણ મારે કોઈ પ્રશ્ન પર બોલવાપણું હશે તો જ હું બોલવાનો છું. એટલે પાંચ વર્ષ લગી સત્યાગ્રહ કરવાનો અવસર આવે એમ મને લાગતું નથી.'

અહીં આટલું કહેવું પ્રસ્તુત છે કે 'હિંદ સ્વરાજ'માં મેં જે વિચારો દર્શાવ્યા છે તેને ગોખલે હસી કાઢતા ને કહેતાઃ 'એક વર્ષ તમે હિંદુસ્તાનમાં રહી જશો એટલે તમારા વિચારો એની મેળે ઠેકાણે આવશે.'



- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર